# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં BRTS અને સીટીબસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉતરો-ઉતર વધારો થઇ રહેલ છે. સમગ્ર ભારતમાં સુરત શહેર માત્ર એક જ શહેર છે જ્યાં એક ટીકીટ થી સીટીબસ અને BRTS માં મુસાફરી કરી શકાય છે. હાલમાં BRTS ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસના કુલ ૪૫ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૭૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

સુરત શહેરમાં તા.૧૭/૧૨/૨૦૨૩ના રોજ મા.વડાપ્રધાનશ્રી સુરત શહેરના પ્રવાસે આવનાર છે. આ પ્રવાસ કાર્યક્રમને ધ્યાને લઇ પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના જાહેરનામા ક્રમાંક–ટ્રાફિક/વડાપ્રધાનશ્રી/કાર્યક્રમ/૧૩૩૩૯/૨૦૨૩ તા.૧૪/૧૨/૨૦૨૩ અન્વયે કાર્યક્રમના રૂટ ઉપર તા. ૧૭/૧૨/૨૦૨૩ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યે થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચેના BRTS તથા સીટીબસ રૂટોને ડાયવર્ટ/કરટેલ/બંધ કરવામાં આવનાર છે.

| ક્રમ નંબર | રૂટ નંબર | રૂટનું નામ | હયાત રૂટની વિગત | ડાયવર્ઝન બાદ થનાર રૂટની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ | ONGC કોલોની થી સરથાણા નેચરપાર્ક | સોમેશ્વર જંકશન,ખરવરનગર અમેઝિયા એમ્યુઝમેન્ટ પાર્ક | વાય જંકશન ઉધના મગદલ્લા રોડ સુધી કાર્યરત રહેશે. |
| ૨ | ૧૪ | ONGC કોલોની થી કોસાડ EWS-H2 | SVNIT-અડાજણ પાટિયા-જહાંગીરપુરા-ગજેરા સર્કલ | પાલ RTO સુધી કાર્યરત રહેશે |
| ૩ | ૧૦૯ | સુરત સ્ટેશન થી આભવા ગામ | ચોક ટર્મિનલ-સેવન્થ ડે સ્કુલ-પાર્લે પોઈન્ટ-SVNIT | આગમ શોપિંગ વેસુ આભવા રોડ સુધી કાર્યરત રહેશે |
| ૪ | ૧૧૬ | સુરત સ્ટેશન થી ખજોદ ગામ | ભાગળ-ગોપીતળાવ-ભટાર ચાર રસ્તા- ભગવાન મહાવીર કોલેજ | અલથાણ કેનાલ સુધી કાર્યરત રહેશે |
| ૫ | ૧૩૬ | સુરત સ્ટેશન થી એરપોર્ટ | અઠવાગેટ-SVNIT-ONGC કોલોની | મગદલ્લા ટી જંકશન સુધી કાર્યરત રહેશે. |
| ૬ | ૨૦૬ | ચોક થી સી.કે પીઠાવાલ કોલેજ | અઠવાગેટ- પાર્લે પોઈન્ટ-SVNIT-મગદલ્લા | કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી બંધ રહેશે |
| ૭ | ૨૧૬ | ચોક થી ભીમપોર/ કાડી ફળિયા | અઠવાગેટ –SVNIT-સુરત એરપોર્ટ | કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી બંધ રહેશે |

જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..................................
તા.૧૫/૧૨/૨૦૨૩